## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



મમ્મી તું કહેતી હતીને કે આવી બાય વાળી ફેશન શું કામની...?.. જોયુને હવે રસી લેવા કામ લાગવાની...!!

# હવે, સેક્ટર-૨૨ના ૮૩ વૃક્ષોને બચાવી લેવાશે

### સ્માર્ટ સિટી અંતર્ગત સેક્ટર ૨૨ માં રોડને ૪ લેન કરવાના પ્લાનમાં હવે કુલ ૧૨૯માંથી ૩૯ વૃક્ષ જેમના તેમ રહેશે અને ૪૫ વૃક્ષને રી ટ્રાન્સપ્લાન્ટ કરાશે : કુલ ૮૩ વૃક્ષોને બચાવી લેવાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગર પાલિકાએ સ્માર્ટ સિટી અંતર્ગત સેક્ટર ૨૨માં અને અન્ય સેક્ટરોમાં આંતરિક મુખ્ય માર્ગને પહોળા કરવાની યોજના હાથ ધરી છે. ત્યારે રોડ પહોળો કરવામાં અડચણ બનતા ૧૨૯ વૃક્ષ હટાવવા તંત્રએ માર્કિંગ કરતા પ્રકૃત્તિ પ્રેમીઓએ વર્ષો જુના આ વૃક્ષો નહીં હટાવવા માટે માગણી કરી હતી. પર્યાવરણ પ્રેમીઓની આ વાતને ગંભીરતાથી લઈને મેયર રીટાબેન પટેલે વન વિભાગ અને મહાનગર પાલિકાના અધિકારીઓ સાથે ગત સપ્તાહે બેઠક યોજીને સેક્ટર-૨૨ અને અન્ય સેક્ટરોમાં પણ રસ્તા પહોળા કરવામાં આવે ત્યારે ઓછામાં ઓછા વૃક્ષો હટાવવા પડે તે પ્રકારે નવેસરથી પ્લાન તૈયાર કરવા જણાવ્યુ હતું. મેયરે અધિકારીઓને કહ્યુ હતું કે એક હાથે પ્રકૃત્તિની રક્ષા અને એક હાથે વિકાસ કરવાનો છે.

આખરે પ્લાનમાં ફેરફાર કરીને તંત્ર દ્વારા અગાઉ માર્કિંગ કરાયેલા ૧૨૯માંથી ૩૯ વૃક્ષને બાકાત કરાતા તે હવે જેમના તેમ રહેશે. જ્યારે રસ્તાને પહોળો કરવામાં આડે આવતા ૯૩ પૈકીના ૪૫ જેટલા વૃક્ષને અન્ય સ્થળે રી ટ્રાન્સપ્લાન્ટ કરવા નિર્ણય લેવાયો છે. તેથી માત્ર ૪૫ વૃક્ષોને દુર કરવાના રહેશે. પરિણામે કુલ મળીને ૮૩ વૃક્ષને બચાવી લેવામાં સફળતા મળી હોવાનું તંત્રના અધિકારીઓએ જણાવ્યુ છે. બીજી બાજુ મહાનગર પાલિકા દ્વારા પાટનગરની હરિયાળીમાં વધારો કરવા માટે સઘન અને કાયમી આયોજન કરાયું છે. તેના સંદર્ભમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર પી.સી. દવેએ જણાવ્યું કે મહાનગર પાલિકા દ્વારા વન વિભાગને વૃક્ષોના વાવેતર અને ઉછેર માટે ગ્રાન્ટ અને રોપા-છોડની સુરક્ષા માટે ટ્રી ગાર્ડની ફાળવણી કરવામાં આવશે.

તંત્રએ વૃક્ષારોપણની પ્રવૃત્તિને હંમેશા મહત્વ આપ્યુ છે અને છેલ્લે ચોમાસાના દિવસોમાં મહાનગર પાલિકાએ શહેરમાં વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર માટે ખાસ ઝુંબેશ ચલાવીને પ્રોત્સાહન આપ્યુ હતું. ત્યારે વૃક્ષપ્રેમી અને પર્યાવરણપ્રેમી નાગરિકો, સંસ્થાઓ અને વન તંત્રના સહકારથી ૩૦ હજાર જેટલા છોડ વાવવામાં આવ્યા હતાં. ઉછરતા છોડને બચાવવા માટે મેયર, ડેપ્યુટી મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન અને નગરસેવકો દ્વારા ૧૩,૫૦૦ ટ્રી ગાર્ડનું વિતરણ કરાયુ હતું. પાટનગરમાં વૃક્ષો નહીં હટાવવાની વાત યોગ્ય જ છે. આ મુદ્દાને ધ્યાને રાખીને જ રસ્તા પહોળા કરવાના આયોજનમાં ફેરફાર કરાયો છે અને વધુમાં વધુ વૃક્ષોને બચાવી લેવામાં આવશે.

## ખૂણેખાંચરેથી

- કલેક્ટર કચેરી આજે આખો દિવસ મીટીંગોની દોડધામમાં વ્યસ્ત જણાઈ આવી હતી.
- જિલ્લા પંચાયત ખાતે ૨૬મીએ જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાનના હસ્તે ધ્વજવંદન થશે.
- ૨૬મી જાન્યુઆરીના રોજ વિશિષ્ઠ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર જિલ્લાના કર્મયોગીઓનું સન્માન થશે.
- નેશનલ બોલ્ક પેન્શન રીસ્ટોરેશન યુનાઈટેડ ફ્રંટ દ્વારા રાજ્યના મુખ્યમંત્રીને એક આવેદન પત્ર આપી હાલ અમલી પેન્શન સ્કીમમાં ફેરફાર તેમજ જૂની પેન્શન સ્કીમ લાગુ કરવા માંગ કરી છે.
- મધુર ડેરી દ્વારા આજથી નવતર અભિગમ તરીકે સહકાર સેતુ પ્રોજેકટનો શુભારંભ કરવામાં આવ્યો છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ ખાટલા પરિષદો ગ્રામીણ વિસ્તારોમાં ધીમી ગતિએ આરંભાઈ છે.

# ઉત્તરાયણ-વાસી ઉત્તરાયણ બાદ પણ સતત ચાલુ રહેલી બર્ડ ઈન્જરીની ઘટનાઓ

### શહેરની ઈમારતો-વૃક્ષો-વીજ થાંભલે લટકતી દોરી અબોલ પંખીઓ માટે ઘાતક બની રહી છે : જૂજ સ્વયંસેવકો હજુ પણ બર્ડ રેસ્ક્યુમાં સતત દોડીને સેવા આપી રહ્યાં છે

ગાંધીનગર, તા. ૧૯

ઉત્તરાયણને વીતે પાંચેક દિવસ થઈ ગયાં પરંતુ હજુ પણ પતંગની દોરીથી ઈજાગ્રસ્ત થતાં પક્ષીઓની ઘટના અટકી રહી નથી જેનું મુખ્ય કારણ શહેરના વૃક્ષો, મકાનના ધાબાઓ, ઈમારતોની છત, ઈલેક્ટ્રિકના થાંભલાઓ તથા ચેનલના કેબલો સહિત ચારેકોર લટકી રહેલી દોરીઓ તથા નક્કામી દોરીના ગુંચળા છે. શહેરના અનેક વૃક્ષો પર કપાયેલા પતંગો તેના ઘાતક માંજા સાથે લટકી રહ્યાં છે જે વૃક્ષો પર રહેતા પક્ષીઓ માટે જીવલેણ બની રહ્યાં છે અને આ લટકતી દોરીઓના કારણે કબૂતર, કાબર, પોપટ સાથે સમડી,



બગલાં, ઘુવડ, કાંકણસાર સહિત કેટલાંક દુર્લભ પ્રજાતિના પક્ષીઓ પણ ઈજાગ્રસ્ત થઈ રહ્યાં છે જેમને બચાવવા શહેરના બર્ડ રેસ્ક્યુ સ્વયંસેવકો હજુ પણ સેવા આપી રહ્યા છે.

માનવીના સામાજિક જીવનમાં ઉત્સવનું ખૂબ મહત્વ વણાયેલુ છે, ઉત્સવ બીબાંઢાળ જીવનની કંટાળાજનક પરિસ્થિતિ ઉપરાંત માનવીના જીવનમાં આવતી ચડતી-પડતીના કારણે પેદા થતી મુશ્કેલીઓના કારણે સર્જાતી નિરાશાને ખંખેરવા ઉપયોગી સાબિત થાય છે અને જીવનમાં નવો જોમ અને પ્રોત્સાહન ભરે છે. ઉત્તરાયણનો તહેવાર પણ સામાન્ય માનવીના રોજીંદા જીવનની ઘટમાળમાં પ્રસન્નતાનો ''પાવર પ્લે'' પુરો પાડે છે પરંતુ આ તહેવાર નિર્દોષ અબોલ પંખીઓ માટે ખૂબ ઘાતક પુરવાર થઈ રહ્યો છે. જો માનવી થોડીક સાવધાની અને જવાબદારી દાખવી કેટલીક બાબતોના અનુસરણ સાથે ઉત્સવ ઉજવે તો આ ઘાતકતા ઓછી થઈ શકે છે જેમાં ચાઈનીઝ નાયલોન દોરીનો ઉપયોગ સદંતર ટાળવો, દોરી કાચ ચડાવેલી ના હોય તેવી વાપરવી તેમજ ઉત્તરાયણ પુરી



થતાં જ લટકતી-રખડતી દોરી વૃક્ષો કે મકાનો પરથી ઉતારી એકઠી કરીને તેનો નાશ કરવો વગેરેનો સમાવેશ થાય છે. છેલ્લી કેટલીક ઉત્તરાયણથી એવું અનુભવાયુ છે કે ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ કરતાં પણ બર્ડ રેસ્ક્યુના વધુ કોલ તા. ૧૬ થી ૨૦ જાન્યુઆરી દરમ્યાન આવતા હોય છે. સરકાર પણ બે કે ત્રણ દિવસ સુધી કરૂણા અભિયાન ચલાવી પક્ષીઓને બચાવવા પ્રયાસ કરે છે તે કરૂણા અભિયાન પરિવાર તો તા. ૨૦મી જાન્યુઆરી સુધી ચાલુ રહે તે જરૂરી જણાય છે. શહેરમાં છેલ્લાં બે-ત્રણ દિવસથી ઝાડ પર અને મકાનોની છત પર લટકતી દોરીથી ઘાયલ થયેલા પક્ષીઓના રેસ્ક્યુ કોલની સંખ્યા વધી જવા પામી છે અને નિયમિત આખુ વર્ષ બર્ડ રેસ્ક્યુ સેવા આપવા તત્પર રહેતા જૂજ સ્વયંસેવકો આ સેવાકાર્ય કરી રહ્યાં છે જે પ્રસંશાને પાત્ર છે.

### વૃક્ષો-મકાનો પર લટકતી દોરી હટાવો

છેલ્લા બે-ત્રણ દિવસમાં બર્ડ રેસ્ક્યુ કરતા વિવિધ સંસ્થાના સ્વયંસેવકોને સૌથી વધુ કબૂતરના ઈજાગ્રસ્ત થવાના કોલ તો મળ્યાં જ છે પરંતુ તે સાથે સમડી, બગલાં, રેવીદેવી, ઘુવડ, કાંકણસાર સહિતના કેટલાંક દુર્લભ પક્ષીઓ પણ લટકતી દોરોની ઝપટે આવી રહ્યાં છે. જો કે કરૂણા અભિયાન આટોપાઈ ગયું હોવાથી તેની નિશ્ચિત સંખ્યા જાણવી મુશ્કેલ બની છે પરંતુ એક અંદાજ મુજબ ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણના દિવસ કરતાં પણ વધુ કોલ તે પછીના દિવસોમાં મળવા પામ્યાં છે તેથી નાગરિકો પોતાની ફરજ સમજી વૃક્ષો-મકાનો-થાંભલાઓ પરની લટકતી-ભટકતી દોરીઓ હટાવે તે ઈચ્છનીય છે.

### સ્ટ્રીટલાઈટ રીપેર કરવાની ક્રેઈનનો ઉપયોગ કરી દોરી હટાવી શકાય

ગાંધીનગરમાં સ્ટ્રીટલાઈટના થાંભલાઓની મરામત માટે તંત્ર પાસે ખાસ પ્રકારની ક્રેઈન વપરાય છે અથવા તો ફાયર બ્રિગેડ પાસે રહેલી સ્નોર સ્કેલ જેવા સાધનોનો ઉપયોગ કરીને શહેરના માર્ગો પર વીજ થાંભલે અને વૃક્ષો-ઈમારતો વગેરે પર લટકતી જોખમી દોરી હટાવાય તો નિર્દોષ પક્ષીઓના ઘાયલ થવાની સંખ્યા ઘટે અને તેમનો જીવ બચી શકે તેવી જીવદયાપ્રેમીઓમાં લાગણી પ્રવર્તી રહી છે.

# જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી ગાંધીનગર ખાતે કરાશે

ગાંધીનગર જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી તા. ૨૬મી જાન્યુઆરી, ૨૦૨૧ના રોજ સવારના ૯ કલાકે રામકથા મેદાન, ચ-૩ સર્કલ નજીક, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવનાર છે. જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીના સુચારું આયોજન અર્થે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષસ્થાને ગાંધીનગર ખાતે બેઠક યોજાઈ હતી.

બેઠકના આરંભે જિલ્લા કલેકટર કુલદીપ આર્યએ જણાવ્યું હતું કે જિલ્લાકક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણીમાં ગાંધીનગર જિલ્લાના પ્રભારી મંત્રી અને મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલના હસ્તે ધ્વજ ફરકાવી સલામી આપવામાં આવશે. રાષ્ટ્રીય પર્વ નિમિત્તે ગાંધીનગર શહેરની ટ્રાફિક સુવિધા, ગ્રાઉન્ડ પર બાળકો અને મહાનુભાવો તથા જાહેર જનતા માટેની બેઠક વ્યવસ્થા, પાણી અને અન્ય સુવિધાઓ અંગેની માહિતી સંબંધિત અધિકારી પાસેથી મેળવી હતી.




ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરપર્સન તરીકે વરાયેલા વનીતાબેન જીતેન્દ્રસિંહ સોલંકીએ આજે જિલ્લા કોંગ્રેસ આગેવાનો તેમજ પંચાયતી રાજના આગેવાનોની હાજરીમાં વિધિવત્ રીતે હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો.


ગુજરાત મત્સ્યોદ્યોગ
સત્યમેવ જયતે ગુજરાત સરકાર





નવાબંદર ખાતે
આંતરરાષ્ટ્રીય કક્ષાના અત્યાધુનિક સુવિધાઓ સાથે
રૂ.૨૯૫.૮૫ કરોડના ખર્ચે
મત્સ્ય બંદરના નિર્માણનો ખાત-મુહૂર્ત કાર્યક્રમ

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્યના વરદ્ હસ્તે

**તારીખ :** ૨૦/૦૧/૨૦૨૧, બુધવાર **સમય:** બપોરે ૩.૩૦ કલાકે **સ્થળ:** નવાબંદર મત્સ્યબંદર, **તા.:-** ઉના, **જિ.:-** ગીર-સોમનાથ



આ રહી સુવિધાઓની આછેરી ઝલક

- નેટ મેન્ડીંગ શેડ
- રેસ્ટ શેડ
- એડમિનિસ્ટ્રેટીવ બિલ્ડિંગ
- રેસ્ટોરન્ટ
- ડોરમેટરી
- ઓક્શન હોલ
- બોટ રીપેર શોપ
- રેડિયો કોમ્યુનિકેશન ટાવર
- ડ્રેનેજ નેટવર્ક
- ઇલેક્ટ્રીકલ ફેસીલીટી
- ગ્રીનરી એન્ડ લેન્ડ સ્કેપીંગ
- રોડ નેટવર્ક
- એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ એન્ડ સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ
- ફ્રેશ વોટર નેટવર્ક
- સી વોટર સપ્લાય

યુરોપિયન યુનિયનના નિયમ મુજબ

નવાબંદર ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાના અત્યાધુનિક સુવિધાઓ સાથેના મત્સ્ય બંદરના નિર્માણથી ગુજરાતનો વિકાસ વેગવંતો બનશે.
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ (સહકાર, મત્સ્યોદ્યોગ અને પશુપાલન પ્રભાગ) | સંવેદનશીલ ગુજરાત - પ્રગતિશીલ ગુજરાત | ગુજરાત મેરીટાઈમ બોર્ડ (બંદરો અને વાહનવ્યવહાર વિભાગ)